A Dream for Everyone
SNEHA FOUNDATION

# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૯૭ (ભાવનગર)   સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## જુલાઈ-૨૦૨૫

# ગુરૂ પૂર્ણિમાની ઉજવણી

તારીખ **૧૦ જુલાઈ ૨૦૨૫**ના રોજ **ગુરૂપૂર્ણિમા**ના પાવન અવસરે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં એક ભાવનાત્મક અને આત્મીય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં બાળકો દ્વારા તેમના પ્રત્યે કૃત્તજ્ઞતા વ્યકત કરવા માટે વિવિધ ક્રિયા પ્રતિક્રિયાઓ રજુ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં બાળકોએ પોતના હાથોથી સુંદર મજાના કાર્ડ્સ અને ગિફ્ટ્સ બનાવીને શિક્ષકોને અર્પણ કર્યા હતા. દરેક કાર્ડમાં બાળકોનો પ્રેમ, શ્રદ્ધા અને આદર સ્પષ્ટ પણે દેખાઈ આવતો હતો. બાળકોના ચહેરા પર ખુશી અને ઉત્સાહ ઝળહળી રહ્યો હતો, તેઓએ આ વિશેષ ભેટો તેમના આદરણીય શિક્ષકોને અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ વધુ મજબુત બન્યો હતો. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ભાવપૂર્ણ અને શિસ્તબદ્ધ રીતે પાર પાડવામાં આવ્યો.





✷ સ્થળ ✷
પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com   ૯૩૨૮૨૮૩૨૮૧   Snehafoundation Trust
www.snehafoundation.co.in   Snehafoundation Trust   Snehafoundation Trust



# લર્નિંગ સેન્ટર

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં લર્નિંગ સેન્ટરમાં બાળકોને વિવિધ શૈક્ષણિક અને અન્ય પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે, જેથી તેઓ મનોરંજક રીતે નવી બાબતો શીખી શકે. સંસ્થાના લર્નિંગ સેન્ટરની મુખ્ય પ્રવૃત્તિઓ જેવી કે પઠન, લેખન અને ગણન છે. જેમાં ભાષા વિકાસ માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. તે ઉપરાંત વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાનનો આધારભુત પરિચય આપવામાં આવે છે. આ સાથે સ્વચ્છતા અને સ્વસ્થ જીવનશૈલીની સમજ આપવામાં આવે છે. બાળકોને અલગ અલગ વિષય જેવા કે, વાંચન, ચિત્રો અને માળખાના માધ્યમથી માહિતગાર કરવામાં આવે છે.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં સરકારશ્રીના આદેશ અનુસાર દર શનિવારે બેગ લેસ દિવસની ઉજવણીના ભાગરૂપે બાળકોને ગાઝ બટન અને સોઈ દ્વારા સીવતા શિખવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સાથે બાળકોને વેસ્ટ માંથી બેસ્ટ કેવી રીતે બને તે માટે રાખડી બનાવતા શિખવવામાં આવ્યું હતું. ગુરૂ પૂર્ણિમાના દિવસે બાળકોને ગુરૂનું મહત્ત્વ વધે તે માટે ગુરૂ વિશે સમજાવવામાં આવ્યું અને સરસ્વતી માતાની અને સંત શ્રી બજરંગદાસ બાપાની મૂર્તિની પૂજા કરી બાળકોને પ્રસાદ આપવામાં આવ્યો હતો.







# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ➤ ઉનની વિવિધ બનાવટો

તારીખ **૦૫ જુલાઈ ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત એક વિશિષ્ટ સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ઉનની મદદથી વિવિધ હસ્તકલાની વસ્તુઓ તૈયાર કરી, બાળકો દ્વારા ઉન વડે પગલુછણીયા, તોરણ અને સુશોભનની વસ્તુઓ ખુબ જ કલાત્મક રીતે તૈયાર કરવામાં આવી હતી.

આ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં રહેલ સર્જનાત્મકતા, કલા અને હસ્તકૌશલ્યનો વિકાસ કરવાનો હતો. કેટલાક બાળકોએ ઉનથી પગલુછણીયા બનાવ્યા તો કેટલાકે વિવિધ સુશોભનની વસ્તુઓ તૈયાર કરી હતી.





## ➤ માઈક્રોસ્કોપ વિશે માહિતી

તારીખ **૧૯ જુલાઈ ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત **માઈક્રોસ્કોપ** વિશે સમજ આપવામાં આવી હતી. બાળકોને માઈક્રોસ્કોપ શું છે? તેનો ઉપયોગ શા માટે થાય છે અને તે કેવી રીતે કાર્ય કરે છે તે સમજાવવામાં આવ્યું હતું.

બાળકોને માઈક્રસ્કોપના ભાગો જેમ કે, લેન્સ, ટ્યુબ, સ્ટેજ અને મિરર વિશે વિગતવાર માહિતી આવપામાં આવી હતી. બાળકોએ જાતે માઈક્રોસ્કોપ દ્વારા પાદડાંના નમુનાઓ નિહાળીને જીવંત અનુભવો મેળવ્યા હતા. જેના દ્વારા તેઓ માઈક્રોસ્કોપની ઉપયોગીતા ઊંડી રીતે સમજ્યા હતાં.

આ સાથે બાળકોને પાંદડાના આર્ડછેદ વિશે સમજાવવામાં આવ્યું હતું. જેમાં પાંદડામાં રહેલા સ્તરો મેસોફિલ ટિસ્યુ, ઝાયલેજા અને ફ્લોઈમ જેવા અવયવો વિશે વિસ્તૃત માહિતી આપી અને પાંદડાનું આપણી જીવન પ્રક્રિયાઓમાં મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રતિ નિકટતાની લાગણી ઉત્પન્ન થઈ હતી. તેઓમાં અવલોકનશકિત વિકસે અને અભ્યાસમાં રૂચિ રહે તે માટે આ પ્રકારની પ્રવૃત્તિઓથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કરીએ છીએ.





## ● કારગિલ વિજય દિવસ

કારગિલ વિજય દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે વિશેષ પ્રેરણાદાયક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તેમને ભારતના વીર શુરવીરોની શૌર્યગાથાઓથી અવગત કરાવવામાં આવ્યા હતાં. શિક્ષકો દ્વારા બાળકોને ૧૯૯૯માં પાકિસ્તાન સાથે થયેલા કારગિલ યુદ્ધ વિશે માહિતી આપવામાં આવી અને કેવી રીતે આપણા ધૈર્યવાન જવાનોએ શુરવીરતા, સમર્પણ અને દેશપ્રેમના ઉમદા ગુણોથી દુર્ગમ પહાડો પર જીત મેળવી હતી.

કારગિલ વિજય દિવસએ માત્ર એક ઐતિહાસિક દિવસ નહિ, પણ દેશપ્રેમ, બલિદાન અને શુરવીરતા માટેનો ગૌરવપૂર્ણ પ્રસંગ છે. બાળકો દ્વારા દીપ પ્રગટાવીને શહીદ જવાનોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. આ પ્રસંગથી બાળકોને શીખવવામાં આવ્યું કે આપણા દેશના જવાનોને માન અને સન્માન આપો અને શહીદોના બલિદાનને કદી ભુલવું નહીં.





## ● વિશ્વ વાઘ દિવસ

વિશ્વ વાઘ દિવસ નિમિત્તે બાળકો માટે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં એક જાણકારીમય અને જાગૃતિવર્ધક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ વિદ્યાર્થીઓને વાઘની પ્રજાતીઓ, તેમનું પર્યાવરણમાં મહત્ત્વ અને આજની તારીખે તેમની સંખ્યામાં ઘટાડાનું ગંભીર સંકટ વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. વાઘ આપણા પર્યાવરણ માટે કેટલા અગત્યના છે. તેઓ જંગલના ભેદી શિકારી હોવા છતાં ઈકોસિસ્ટમમાં સંતુલન જાળવવામાં કેવી ભુમિકા ભજવે છે તે બાળકોને સરળ ભાષામાં જણાવવામાં આવ્યું હતું.

બાળકોને જણાવવામાં આવ્યું કે દર વર્ષે ૨૯ જુલાઈના રોજ વિશ્વ વાઘ દિવસ ઉજવવામાં આવે છે. જેનો ઉદ્દેશ વાઘોના સંરક્ષણ માટે લોકોમાં જાગૃતિ ફેલાવવા અને તેમની સંખ્યામાં વધારો લાવવા માટે પ્રયત્નશીલ થવું. ખાસ વિડિયોઝ અને પ્રેઝન્ટેશન દ્વારા વાઘોની જીવનશૈલી અને આર્થિક તથા પર્યાવરણીય મહત્ત્વ દર્શાવવામાં આવ્યું હતું. વાઘોના શિકાર અને વનવિનાશ જેવી સમસ્યાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી અને બાળકોને સમજાવવામાં આવ્યું કે આપણે સૌએ કુદરતી સંસાધનોનું રક્ષણ કરીને વાઘો માટે સલામત નિવાસસ્થાન જાળવવું જોઈએ.






## ● હેલ્થ ચેકઅપ કેમ્પ

તારીખ **૨૧ જુલાઈ ૨૦૨૫**ના રોજ **સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થામાં **HCG હોસ્પિટલ**ના સહયોગથી શિક્ષકો માટે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન HCG હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા શિક્ષકોને CPR વિશે મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. તેમને આપાતકાલીન પરિસ્થિતીઓમાં CPR કેવી રીતે આપવું. તેની રીતો અને સમયસર અપાયેલા CPR દ્વારા જીવ બચાવનારા પરિણામો વિશે સમજાવવામાં આવ્યું હતું.

સેમિનાર દરમિયાન શિક્ષકોની તંદુરસ્તી માટે બી.પી.(રકત દબાણ) અને બ્લડ શુગરની નિઃશુલ્ક તપાસ પણ કરવામાં આવી હતી. તમામ શિક્ષકોએ આ તપાસમાં ઉત્સાહભેર ભાગ લીધો અને તેમના આરોગ્ય અંગે જાગૃત બન્યા હતાં. આવા આરોગ્યપ્રદ કાર્યક્રમો શિક્ષણજગત માટે અત્યંત લાભદાયક અને જરૂરિયાતરૂપ બની રહ્યા છે. સ્નેહા ફાઉન્ડેશન અને HCG હોસ્પિટલના આ સેવાભાવી ઉપક્રમે સૌનો ખુબ જ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.







## તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરૂણાવસ્થા** પ્રોજેકટ અંતર્ગત **ડૉ. હાર્દિકભાઈ ખત્રી** દ્વારા કુલ **૧૩૮** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ **વર્ષ ૨૦૨૫ના જુલાઈ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૧૫૮ | ૧૬૧ | ૩૧૯ | શ્રી પ્રેમચંદ દેવાણી ગુરૂદ્વારા સાહેબ તરફથી |
| ૨. | સંસ્થાના બાળકોને સ્વ. ગીરીશભાઈ પટેલના સ્મરણાર્થે પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૮ | ૨૩૪ | ૪૬૨ | શ્રી હિરલબેન ભડસાવલે |
| ૩. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૬૮ | ૬૪ | ૧૩૨ | શ્રી વિજયભાઈ પાનવાળા |
| ૪. | સંસ્થાના બાળકોને સ્વ. નવિનચંદ્ર દોશીના સ્મરણાર્થે પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૭૩ | ૬૩ | ૧૩૬ | શ્રી હિરેનભાઈ શ્રી મનિષભાઈ |
| ૫. | શ્રી સનાયાબેન શેખના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૯૩ | ૭૬ | ૧૬૯ | શ્રી સમીરભાઈ શેખ |



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ **વર્ષ ૨૦૨૫ના જુલાઈ મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**


| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને સહખુશાલી પેન, કલર અને બુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૬૮ | ૬૪ | ૧૩૨ | શ્રી વિજયભાઈ પાનવાળા |
| ૨. | સંસ્થાના બાળકોને શ્રી સનાયાબેન શેખના જન્મ દિવસ નિમિત્તે સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૯૩ | ૭૬ | ૧૬૯ | શ્રી સમીરભાઈ શેખ |
| ૩. | સંસ્થાના બાળકો માટે સહખુશાલી લંચ ડીસ અને ગેસ આપવામાં આવ્યો હતો. | -- | -- | -- | શ્રી રાજકુમાર દરિયાની |

## જુલાઈ માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી પ્રેમચંદ દેવાણી (ગુરૂદ્વારા સાહેબ) |
| ૨. | શ્રી હિરલબેન ભડસાવલે |
| ૩. | શ્રી વિજયભાઈ પાનવાળા<br>શ્રી વર્ષાભાઈ પાનવાળા |
| ૪. | શ્રી હિરેનભાઈ દોશી<br>શ્રી મનિષભાઈ દોશી |
| ૫. | શ્રી સમીરભાઈ શેખ |

### ઓગસ્ટ-૨૦૨૫ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | આયોજનની વિગત |
|---|---|
| ૦૩ ઓગસ્ટ ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૦૮ ઓગસ્ટ ૨૦૨૫ | રક્ષાબંધનની ઉજવણી. |
| ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ | જન્માષ્ટમીની ઉજવણી. |
| ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | સ્વતંત્રતા દિવસની ઉજવણી. |
| ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ | ગણેશ ચતુર્થીની ઉજવણી. |









## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

UPI QR CODE

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**